
# અરવલ્લી જિલ્લામાં અકસ્માતોની હારમાળા

ધનસુરા, તા.૨૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા તાલુકામાં અકસ્માતોના અથડાતા બે આશાસ્પદ યુવાનો શૈલેષભાઈ ખોડાભાઈ રાઠોડ, સંજયભાઈ રતિલાલ મકવાણાનું મોત અકસ્માત સર્જાયો હતો. જેમાં બાર વ્યકિત ગંભીર પણે ઘાયલ થઈ હતી. જેઓને સારવાર અર્થે ખસેડવામાં







જુદા જુદા બનાવો બનતા બે આશાસ્પદ યુવાનોના કરૂણ મોત નિપજયા હતા. જયારે ૧૨ જેટલા વ્યકિતઓને શરીરે નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા હિંમતનગર માર્ગ પર આવેલ લીંભોઈ પાટીયા નજીક બે બાઈક સામ સામે ધડાકેભેર ઝાડ સાથે અથડાતા નિપજયું હતું. જયારે અન્ય મહેશકુમાર ભીખાજી મકવાણાને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

જયારે અન્ય એક અકસ્માતમાં મેઘરજથી મોડાસા તરફ આવતી જીપ વોલ્વા નજીક ડ્રાઈવરે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા જીપ આવ્યા હતા. ઉપરાંત મોડાસા શહેરના ચાર રસ્તા નજીક વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે માતેલા સાંઢની માફક આવતી પર પ્રાંતિય ટ્રક નં. એચ.આર. ૩૮-ટી-૨૬૫૫ ડિવાઈડર તોડી પલ્ટી ખાઈ ગઈ હતી. આમ એક જ દિવસમાં ત્રણ જેટલા અકસ્માતો સર્જાયા હતાં.

(તસવીર : જીતેન્દ્ર પટેલ)

# ઠાસરા મામલતદાર કચેરીમાં વોટરકુલર બંધ હાલતમાં

ગાંધીનગર, તા. ૨૪

ઠાસરા મામલદાર કચેરીમાં વોટરકુલર શોભાના ગાંઠિયા સમાન છે. અરજદારો મોટા પ્રમાણમાં ગામડાઓમાં આવતા હોય છે. જેઓને પીવાના પાણીની સવલત મળતી નથી. ફરજિયાત પાઉંચ ખરીદીને પાણી પીવું પડે છે.

કચેરીમાં મુકવામાં આવેલ વોટર કુલર અરજદારો/કર્મચારીઓની સવલત માટે છે. પરંતુ કેટલાય સમયથી બંધ છે. આગામી દિવસોમાં ગરમીની ઋતુમાં વોટરકુલર ચાલુ થાય તો અરજદારોને રાહત મળે તેમ છે. વિશેષમાં રામાયણમાં ફરજિયાત પાંચ કે દશના પરચુરણની પાઉચ લેવા પડે છે. મામલતદાર અંગત રસ લઈ વોટરકુલર રીપેર કરાવે તેવી લોકલાગણી છે.

# કડીમાં યવતેશ્વર મહાદેવમાં અતિરૂદ્ર યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

કડીમાં મણીપુર મહોલ્લામાં શ્રી યવતેશ્વર મહાદેવ સદીઓ પુરાણું અને ઐતિહાસિક પવિત્ર શિવાલય આવેલું છે. જેમાં સત્સંગ હોલ કાર્યલય પ્રવેશ દ્વારનું શિવાર્પણ મહાશિવરાત્રી તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ નાણાં આરોગ્ય અને વાહન-વ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં શિવમય શોભાયાત્રા અતિરૂદ્ર દીપ પ્રાગટ્ય અને પ્રસ્થાન આરતી કરવામાં આવશે. સરકારશ્રી તરફથી ૬૫ લાખનું અનુદાન પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મળેલ છે. રાત્રિ દરમ્યાન ભજનો તથા સાંસ્કૃતિ કાર્યક્રમો યોજાશે. અતિરૂદ્ર યત્ર દરમ્યાન સાધુ-સંતો દર્શન અને આર્શીવાદ આપશે.

# ડીસામાં આજે વહેલી સવારે સંતોષીમાતા મંદિરમાં ચોરી કરનાર રંગેહાથ ઝડપાયો

ડીસા, તા. ૨૪

ડીસામાં આજે વહેલી સવારે દારૂ પીધેલી હાલતમાં આવેલા એક ઈસમે સંતોષી માતાના મંદિરમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તે ઝડપાઈ ગયો હતો અને પોલીસ હવાલે કરાયો હતો.

બનાસકાંઠાના ડીસામાં આજે વહેલી સવારે એક મંદિર ચોરીની ઘટના પ્રકાશમાં આવેલી છે, જેમાં સંતોષી માતા મંદિર નજીક ચોરી કરવાના ઈરાદે એક ઈસમ આવ્યો હતો. અને મંદિરના પુજારીની નજર ચુકવી દર્શનના બહાને સિફતપૂર્વક માતાજીના મુકુટ અને બે કંઠમાળ ચોરી કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તે પુજારી હાથે ઝડપાયો હતો. બાદમાં આ ચોરને ઉત્તર પોલીસને સોંપાયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ચોર ભાભર નજીકના દેણપ ગામનો રમેશભાઈ હરજીભાઈ પંચાલ હોવાનું ખુલ્યુ છે. અને તેની પાસેથી મંદિર ચોરીના દાગીના પણ મળી આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે જો કે આ ચોર નશામાં હતો અને તેને આ ચોરી ઘેર પહોંચવા ભાડાની જોગવાઈ માટે કરી હોવાનો ખુલાસો કર્યો હતો. આ મામલે ડીસા ઉત્તર પોલીસે તેની વિરૂદ્ધ તપાસ હાથ ધરેલ છે.

# ડેમાઈ સિનિયર સિટિઝન ફેડરેશનની બેઠક યોજાઈ

ધનસુરા, તા. ૨૪

ડેમાઈ સિનિયર સિટીઝન ફેડરેશનની સામાન્ય સભા પ્રાથમિક ટીચર્સ મંડળીના સભા ખંડમાં સરપંચ મહેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ સામાન્ય સભામાં સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના ફેડરેશનના પ્રમુખ મોહનભાઈ પરમારે દિપ પ્રગટાવી ઉદ્દ્ઘાટન કર્યુ હતુ જેમાં મુખ્ય મહેમાન પદે જિલ્લાના મહામંત્રી વિનોદભાઈ શાહ, ઉપપ્રમુખ જયંતિભાઈ શાહ, પ્રેમજીભાઈ પટેલ, આર.એલ. પટેલ, હિંમતનગર સિનિયર સિટિઝન ફેડરેશનના પ્રમુખ પિયુશભાઈ દવે, પ્રભારી રમેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડેમાઈ સિનિયર સિટિઝન ફેડરેશનના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે સર્વે મહાનુભાવોને સ્વાગત કર્યુ હતુ અને તમામ સભ્યોને સંગઠન મજબુત કરવા હાંકલ કરી હતી.

# પોલીસવડાના માર્ગદર્શન હેઠળ અરવલ્લીના જ્વેલર્સ અને આંગડિયાઓનું સંમેલન યોજાયું

મોડાસા, તા. ૨૪

નવ નિર્મિત અરવલ્લી જિલ્લાનું પ્રથમ જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓનું સંયુક્ત સંમેલન મોડાસા ખાતેના ભામાશા હોલમાં યોજાયુ હતુ. આ સંમેલન અરવલ્લીના જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

અરવલ્લી જિલ્લામાં પહેલીવાર જિલ્લા પોલીસ વડા મયૂરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લાના જ્વેલર્સ અને આંગડિયા સર્વિસની પેઢીઓનું સંયુક્ત સંમેલન યોજાયું હતું. જેમાં પોલીસની કામગીરી અને જ્વેલર્સ તેમજ આંગડિયાઓની સજાગતા ઉપરાંત તેમને થતી કનડગતનું નિવારણ પરસ્પર સાથ અને સહકારથી ઉકેલવા ચર્ચા વિચારણા કરાઈ હતી. આ સંમેલનમાં પોલીસે જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓને મદદગાર બનવાની ખાત્રી આપી હતી. પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓને સીસીટીવી કેમેરા, સુરક્ષા ગાર્ડ, જોખમ લઈને જવાનું થાય ત્યારે પોલીસ મદદ લેવી વિગેરે બાબતો અંગે સ:વિશેષ ખ્યાલ અપાયો હતો.

આ સંમેલનમાં જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓ દ્વારા પોલીસ વડા મયૂરસિંહ ચાવડાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં અરવલ્લી જિલ્લા સુવર્ણકાર સંઘની કારોબારીની રચના કરાઈ હતી. જેમાં પ્રમુખ પદે મોડાસાના જતિન આડેસરા, સંગઠન મંત્રી પદે મોડાસાના રાકેશ સોની, ઉપપ્રમુખ પદે ધનસુરાના ચંદ્રેશ સોની, માલપુરના રમેશ સોની અને ભિલોડાના વિષ્ણુ સોની, મંત્રી પદે ધનસુરાના હસમુખ સોની અને મેઘરજના અશ્વિન સોની તેમજ ખજાનચી તરીકે મોડાસાના મુકેશ સોનીની વરણી કરાઈ હતી.

# નવરચિત અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખની વરણી

ધનસુરા, તા. ૨૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નવરચિત અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે માલપુર તાલુકા પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અને માલપુર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા પ્રતાપસિંહ ગુલાબસિંહ ખાંટની જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા તથા ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ વરણી કરવામાં આવી. આ વરણીને અરવલ્લી જિલ્લા કોંગ્રેસના બાયડ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, સાબરકાંઠા અરવલ્લી જિલ્લા કોંગ્રેસના મંત્રી રમણસિંહ એલ. ખાંટ, મોડાસા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસા તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ ખાંટ, તથા માલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ સહિતના અરવલ્લી જિલ્લા ઠાકોર સમાજે આ વરણીને આવકારી શુભેચ્છા પાઠવી.

# તિસ્તાની આગોતરા જામીન અરજી પર આજે સુનાવણી

ગુલબર્ગ સોસાયટી ગેરરીતી કેસમાં જાણીતા સામાજીક કાર્યકર્તા તિસ્તા સેતલવાડનું નામ બહાર આવતા તેઓએ ધરપકડથી બચવા અમદાવાદ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. જેની આવતીકાલે સુનાવણી હાથ ધરાશે. વર્ષ ૨૦૦૨માં ગોધરા હત્યાકાંડ બાદ રાજ્ય સહિત અમદાવાદમાં પણ કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. જેમાં શહેરના મેઘાણીનગર સ્થિત ગુલબર્ગ સોસાયટીમાં પણ કોમી સીજેપી નામની સ્વૈચ્છિક સંસ્થા ચલાવતા જાણીતા સામાજીક કાર્યકર તિસ્તા સેતલવાડે ખંડરે બની ગયેલી ગુલબર્ગ સોસાયટીને મ્યુઝીયમમાં ફેરવવા અર્થે સોસાયટીના રહીશોને સમજાવ્યા હતા અને સોસાયટીના મકાન ન વેચવા અનુરોધ કર્યો હતો.

# ભિલોડામાં યોગ ગુરૂ સ્વામી રામદેવજી મહારાજ ધ્વારા યોગદિક્ષા સભાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા જનસેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલય પટ્ટાંગણમાં પરમ પુજય યોગ ગુરૂ સ્વામી રામદેવજી મહારાજના સાનિધ્યમાં






યોગદિક્ષા, રાષ્ટ્ર નિર્માણ સભા, ભારત સ્વાભિમાન, પતંજલી યોગ સમિતિ, ભિલોડા ધ્વારા કાર્યક્રમ યોજાયો.

પરમ પુજ્ય યોગ ગુરૂ બાબા રામદેવજીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મનુષ્યોએ નિરોગી રહેવા માટે યોગ પ્રાણાયામ કરવા અત્યંત જરૂરી છે. સવારે વહેલા ઉઠી યોગ, પ્રાણાયામ કરવા ત્યાર બાદ કર્મયોગ કરવા ઉપર વિશેષ ભાર મુક્યો હતો. મનુષ્યોએ હંમેશા સાચું બોલવું, શાકાહારી રહેવું, ચોરી કરવી નહી. કોંગ્રેસના સોનીયા બેનએ રૂા.૧ હજાર કરોડના ગોટાડા કર્યા છે. વિદેશી લોહીનું રાજકરણ ભારત દેશમાં ન હોવું જોઈએ. હંમેશાં સાચા લોકોની સત્યની વાત ઉપર સાથે રહેવું જોઈએ. ભારત દેશના રાજકારણમાં કોઈ ખાનદાની જાગીરી નથી. ૨૦૧૪માં નવું હિન્દુસ્તાન બનાવવા માટે જરૂર સહકાર આપજો. ભારત દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને બનાવવા અપીલ કરી હતી. બાબા રામદેવજીએ તેમની લાક્ષણીક અદાઓ સાથે જણાવ્યું હતું કે મૈ ભી ફકીર હું ઔર નરેન્દ્રભાઈ મોદી ભી ફકીર હૈ તો મૈ મોદીજી કી ગેરેન્ટી લેતા હું. ભારત દેશનો ઉદ્ધાર કરવા માટે નરેન્દ્રભાઈ મોદીને જરૂર પ્રધાનમંત્રી બનાવવા હાકલ કરવામાં આવી હતી સાથે-સાથે તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સરકાર પડી ભાગી છે. કોંગ્રેસ સરકાર તો ભ્રષ્ટ્રાચારની જનની છે. ભારત દેશનો ઉદ્ધાર કરવા દિલ્હીમાં સારા અને સાચા દેશ સેવકોની તાતી જરૂરીયાત છે. પરમ પુજ્ય સ્વામી યોગ ગુરૂ બાબા રામદેવજી મહારાજએ ભારત નિર્માણનો સંકલ્પ ઉપસ્થિત પ્રજાજનોને લેવડાવ્યો હતો. મનુષ્યોએ સવારે યોગ-પ્રાણાયામ અને દિવસે કર્મયોગ કરવા જોઈએ. મનુષ્યો માટે મોટા-પો અને સ્ટ્રેસ અત્યંત ખરાબ છે. કપાલ ભારતી પ્રાણાયામ કરવાથી ગેસ, એસીડીટી, અપચો, કબજીયાત નહી થાય. યોગ-પ્રાણાયામનો ૦% ખર્ચો છે. મનુષ્યો યોગ-પ્રાણાયામ નહી કરે તો બિમારીઓનું ઘર બનશે.

આ પ્રસંગે ભારત સ્વાભીમાન, પતંજલી યોગ સમિતિના હોદેદારો, શીશપાલજી, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, મુકેશભાઈ પંચાલ સહિત હોદ્દેદરો ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે પી.સી.પટેલ, તરૂણભાઈ બારોટ, લાલસિંહજી ચૌહાણ, કાંતીલાલ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, રણવીરસિંહ ડાભી, રાજેશભાઈ નિનામા, ભુપેશભાઈ પંડ્યા, હર્ષદભાઈ ઉપાધ્યાય, પરેશભાઈ ત્રિવેદી, જીતભાઈ ત્રિવેદી, અમરતલાલ બરંડા, ગજાનંદભાઈ પ્રજાપતી, જગદીશભાઈ પટેલ, મુકેશભાઈ મહેતા, ચેતનસિંહ કચ્છાવા સહિત અનેક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં આંતર રાજ્ય તસ્કર ટોળકીનાં ૩ જેલ હવાલે

ડીસા, તા. ૨૪

ડીસામાં થોડા દિવસ અગાઉ થયેલી અનેકો ચોરીઓમાં નોકઆઉટ રહેલી તસ્કર ગેંગના ત્રણ સભ્યો ડીસા ઉત્તર પોલીસે ઝડપી પાડ્યા છે. આ તસ્કરોએ ડીસા સહીત ગુજરાત અન્ય શહેરો સાથે રાજસ્થાનની પણ કેટલીક ચોરીઓની કબુલાત કરતાં પોલીસે આ ગેંગના અન્ય સાથીદારોની ભૂમિકા ચકાસવા ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં અનેક ચોરીઓ થતા પોલીસ પર પસ્તાળ પડી હતી અને લોકો અસલામતીની ભાવનાથી પીડાતા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની સુચનથી ડીસા ઉત્તર પી.આઈ. એચ.એન. રાઠોડ, પી.એસ.આઈ. જે.બી. આસોડિયા, માનસિંહ રાજપૂત, મુકેશ પરમાર, સોમભાઈ સહિતની ટીમો બનાવી શહેરમાં રાત્રી સમયે નાકાબંધી કરાઈ હતી, અને શકમંદોની તપાસ હાથ ધરાઈ હતી. જેમાં રાત્રી તપાસમાં મોડી રાત્રે પોલીસને ત્રણ પરપ્રાંતિ શખ્સો હાથ લાગ્યા હતા જેમની ઘનિષ્ઠ પૂછપરછ કરતા આ ઈસમો રાજેશપુરી અર્જુનપુરી ગોસ્વામી રહે. ભીનમાલ (રાજસ્થાન), નરેશ મોહનલાલ ગુંડ- રહે. જાલોર (રાજસ્થાન), તથા ચંદન સોનારામ સુન્દેશા રહે-ભીનમાલ (રાજસ્થાન) વાળો હોવાનું તપાસમાં બહાર આવેલ છે. જેમને ડીસા, પાલનપુર, ધાનેરા, રાજસ્થાનના સિરોહી અને ભીનમાલ સહીત ગુજરાત અને રાજસ્થાનમાં અંદાજીત દશથી વધુની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી, જેથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ તસ્કરો અગાઉ રાજસ્થાનની ભીનમાલ જેલમાં વિવિધ ગુનામાં આવતા એકબીજાના સંપર્કમાં આવ્યા હતા અને તે બધા જેલમાં જ સુરેશ નામના એક અન્ય ઈસમની સાથે પરિચયમાં આવ્યા હતા તે બાદ જેલમાંથી છૂટતા આ ત્રણ ગુજરાતમાં આવી લોકમેળા અને જાદુદરના ખેલ જેવા કામોમાં નોકરી મેળવી મોકો મળે ત્યારે રાત્રી સમયે ચોરી કરતા હતા. જો કે આ તમામ ઝડપાઈ જતા પોલીસે તેમના રિમાન્ડ મેળવવા અને અન્ય ગુનાની ભાળ મેળવવા ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

# યુનિક ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર અને લેબનોનની સ્કૂલ વચ્ચે આંતરરાષ્ટ્રીય જોડાણ


ઈડર, તા. ૨૪

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના ઈન્ડીયા વીઝન-૨૦૨૦થી પ્રેરિત થઈને શરૂ થયેલ યુનિક-યુ ઈડર ગ્રામ્ય વિસ્તારના બાળકોને આંતરારાષ્ટ્રીય સ્તરે જરૂરી જ્ઞાન, કૌશલ્ય અને અભિગમ વિકસાવવા પ્રયત્નશીલ છે.

આ આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને સામર્થ્ય વિકસાવવા યુનિક યુ યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરનું આંતરરાષ્ટ્રીય જોડાણ અલ-અમીર શકીલ ઈરસ્લાન સ્કૂલ બૈરુત, લેબેનોન સાથે થયેલ છે. આ આંતરરાષ્ટ્રીય જોડાણનો મુખ્ય આશય બંને શાળાના બાળકો અને શિક્ષકો એકબીજા પાસેથી આંતરરાષ્ટ્રીય જાણકારી મેળવે તે છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલના ઈન્ટરનેશનલ કો-ઓર્ડીનેટર પ્રોફેસર જીતેન્દ્ર પટેલ અને લેબેનોનની સ્કૂલના





ઈન્ટરનેશનલ સ્કૂલમાં બ્રિટીશ કાઉન્સીલનો આઈએસએ - 'ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ' પ્રોગ્રામ આ વર્ષે શાળામાં ચાલી રહ્યો છે.

આઈએએસ પ્રોગ્રામ અંતર્ગત ઈન્ટરનેશનલ કો-ઓર્ડીનેટર રીમા અહમદનાજા બંને શાળાના બાળકોને સંતુલિત આહાર, કસ્ટમ શો અને ગ્રીટીંગ-(આવકાર આપવો) તથા શાળા સલામતી ઉપર આંતરરાષ્ટ્રીય સમજ માટે આદાનપ્રદાન કરી રહ્યા છે.

આ રીતે શાળા સલામતી, મહેમાનોને આવકાર, રીતભાતોનું પ્રદર્શન, સંતુલિત આહાર જેવા મુદ્દાઓ ઉપર ભારત અને લેબેનોન વચ્ચેનું આદાન પ્રદાન બંને દેશના બાળકોને ખુબ ઉપયોગી આંતરરાષ્ટ્રીય સમજ શીખવી રહ્યું છે.

રીમા અહમદનાજા તરફથી સંતુલિત આહાર માટે 'કિવા' (રાજગરા જેવું ધાન્ય)માંથી ખાવાની વાનગી કેવી રીતે બનાવવી તથા તેમની શાળામાં થયેલ 'કસ્ટમ શૉ'ની માહિતી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરને મોકલી છે. મહેમાનોને આવકાર આપવાની તેમના દેશની પદ્ધતિ પણ તેમણે શીખવી છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરનો શાળા સલામતીનો વિડિયો તેમને તેમના અભ્યાસ અને પ્રતિભાવો માટે મોકલવામાં આવ્યો છે.

બ્રિટીશ કાઉન્સીલના આઈએસએ પ્રોગ્રામનો બાળકોને ૨૧મી સદી માટે જરૂરી જીવન કૌશલ્યો શીખવવાનો આ પ્રયાસ ખુબજ ઉપયોગી છે. બાળકો અને શિક્ષકો ખરા અર્થમાં વૈશ્વિક સમજ અને કૌશલ્યો વિકસાવી રહ્યા છે.

# હિંમતનગરની મદ્રેસા સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો

હિંમતનગર, તા.૨૪

હિંમતનગરની મદ્રેસા સ્કૂલમાં તા. ૨૨મી ફેબ્રુઆરી શનિવારે વાર્ષિકોત્સવ ૨૦૧૪નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી.

મદ્રેસા હાઈસ્કૂલમાં યોજાયેલ આ વાર્ષિકોત્સવમાં જાણીતા હાસ્ય કવિ મુસાફિર પાલનપુરીએ હાજરી આપી હતી. આ ઉપરાંત પટણી સુન્ની જગનતા પ્રમુખ મો.ઈકબાલ મુતવલ્લી, સર્વોદય બેંકના ચેરમેન મો. યુસુફ જાંખવાલા, મોડાસીયા ટ્રેડર્સના સઈદ અહેમદ મોડાસીયા, એચ.આર. હોન્ડાના શાહિદ હુસેન હરસોલીયા, હસનજી સાયકલના પ્રો. નુર હસનજી તેમજ સંસ્થાના હોદેદારો પણ ઉપસ્થિત રહ્યા હતાં.

આ વાર્ષિકોત્સવ-૨૦૧૪માં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ જેવી કે એકાંકી, નાત-શરીફ કવ્વાલી, એકશન ગીત વગેરે રજૂ કરાયાં હતાં. વિદ્યાર્થીઓએ ખાણી પીણીના સ્ટોલ પણ કર્યા હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧